| | | | | | |
|---|---|---|---|---|---|
| GJSK060014542025 | દાખલ તારીખ | :– | ૧૭/૦૯/૨૦૨૫ | | |
| | રજીસ્ટર થયા તારીખ | :– | ૧૭/૦૯/૨૦૨૫ | | |
| | ફેસલ તારીખ | :– | ૧૦/૦૬/૨૦૨૬ | | |
| | સમયગાળો | :– | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૮ | ૨૪ |

**–:: નમૂનો–અ ::–**

सत्यमेव जयते

**મે.વિજયનગરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. સાબરકાંઠા**

**ચુકાદાની તા.૧૦/૦૬/૨૦૨૬**

**ફોજદારી કેસ નં.૧૩૩૦/૨૦૨૫**

**આંક:–**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ... |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૯૦૫૫૨૪૦૫૧૯/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | વિજયનગર પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર<br>મૂળ ફરીયાદી:–<br>**વિજયકુમાર ચંદુભાઇ પટેલ,**<br>ઉ.વ.આ.૩૦, ધંધો–પ્રાઇવેટ નોકરી<br>રહે–ખરોલ, તા.વિજયનગર, જિ.સાબરકાંઠા. |
| રજુઆત | વિ. એ. પી. પી. શ્રી એન. કે. ગઢવી |

| | |
|---|---|
| આરોપીપક્ષ | **(૧) બાબુભાઇ મોતીભાઇ પટેલ**<br>ઉ.વ.આ.૭૧, ધંધો–ખેતી<br>**(૨) દુર્ગાબેન કલ્પેશભાઇ પટેલ**<br>ઉ.વ.આ.૩૫, ધંધો–ઘરકામ,<br>બન્ને રહે–ખરોલ, તા.વિજયનગર,<br>જિ.સાબરકાંઠા |
| રજુઆત | વિ. વ. શ્રી જે. એ. પાંડોર |

**<u>–:: નમૂનો–બ ::–</u>**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૨/૦૮/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૮/૦૮/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૭/૦૯/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યા તારીખ | ૧૭/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૧૭/૧૦/૨૦૨૫ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | –– |

**<u>–:: આરોપીની વિગત ::–</u>**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે. | શું દોષી/ નિર્દોષ | સજાની વિગ ત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો સી. આર. પી.સી. ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાબુભાઇ મોતીભાઇ પટેલ | ૨૮/૦૮/૨૪ | ૨૮/૦૮/૨૪ | ભારતીય ન્યાય સંહિતા ની કલમ–૧૧૫(૨), | **નિર્દોષ** | –– | –– |
| ૨ | દુર્ગાબેન | ૨૮/૦૮ | ૨૮/૦૮ | | **નિર્દોષ** | –– | –– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | કલ્પેશભાઇ પટેલ | /૨૪ | /૨૪ | ૩૫૨, ૩૫૧ (૩), ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ | | | |

**–:: નમૂનો–ક ::–**

**એ. ફરીયાદપક્ષ તરફે સાહેદો:–**

| ક્રમ | આંક | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| (૧) | ૧૩ | વિજયકુમાર ચંદુભાઇ પટેલની જુબાની | ફરીયાદી |
| (૨) | ૧૫ | વિપુલકુમાર લક્ષ્મણભાઇ પટેલની જુબાની | સાહેદ |

**બી. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૪ | અસલ ફરીયાદ |
| (૨) | ૧૬ | ગુન્હાવાળી જગ્યાનું અસલ પંચનામુ |
| (૩) | ૧૭ | મુદામાલ રીકવર કર્યાનું અસલ પંચનામુ |
| (૪) | ૧૮ | અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધીનું જાહેરનામુ |

**સી. આરોપીપક્ષ તરફે સાહેદો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**ડી. આરોપીપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| -- | --નીલ-- | --નીલ-- |

**ઈ. કોર્ટ પક્ષ તરફે સાહેદો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| -- | --નીલ-- | --નીલ-- |

**એફ. કોર્ટ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| -- | --નીલ-- | --નીલ-- |

**-: ઠરાવ :-**

**ફરીયાદપક્ષની ટુંકી વિગત :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૨/૦૮/૨૦૨૪ ના કલાક ૧૮/૦૦ વાગ્યાના સુમારે મોજે ખરોલ ગામે આ કામના ફરીયાદીનાઓનું તેમના ખેતરમાં મકાનનું કામ ચાલુ હોય, જેથી ત્યાં હાજર હોય તે વખતે આ કામના આરોપી નં.૧ નાઓ ફરીયાદીને કહેલ કે, તમો મારા ઘર તરફ બારીનું છજુ કેમ કાઢેલ છે તેમ કહી છજુ તોડતા હોય, જેથી ફરીયાદીનાઓ છજુ તોડતા અટકાવવા જતાં આરોપી નં.૧ નાઓ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને મા-બેન સામે ગાળો બોલી સાહેદ વિપુલને ગડદાપાટુનો માર મારી તથા આરોપી નં.૨ તથા આરોપી નં.૩ નાઓએ પણ આરોપી નં.૧ નું ઉપરાણું લઈ સાહેદ વિપુલને મા-બેન સામે ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તથા આરોપી નં.૨ નાઓએ હાથમાં દાતરડું લઇ આવી ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી મે.ડી.એમ. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી. પી. એકટની કલમ-૧૩૫

મુજબનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતાં આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદીએ ફરીયાદ આપતાં જે અનુસંધાને તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામા કરી, સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરૂધ્ધ ગુન્હાની તપાસ કરી હાલનું ચાર્જશીલ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

**<u>ન્યાયિક કાર્યવાહી :–</u>**

(૨) આ કામે આરોપીઓને સમન્સ કરતાં, આરોપીઓ હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાતરી કર્યા બાદ, આંક–૪ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવ્યા બાદ, આરોપીઓની આંક–૫ થી આંક–૬ પ્લી વાંચી સંભળાવી, સમજાવી, નોંધતાં, આરોપીઓએ ગુન્હો કર્યાનો ઇન્કાર કરતાં, આરોપીઓ સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) હાલના કેસમા ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સર્મથનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે <u>આંક–૧૯</u> થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે.

**(૩.૧) મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| (૧) | ૧૩ | વિજયકુમાર ચંદુભાઇ પટેલની જુબાની | ફરીયાદી |
| (૨) | ૧૫ | વિપુલકુમાર લક્ષ્મણભાઇ પટેલની જુબાની | સાહેદ |

**(૩.૨) દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૪ | અસલ ફરીયાદ |
| (૨) | ૧૬ | ગુન્હાવાળી જગ્યાનું અસલ પંચનામુ |

| | | |
|---|---|---|
| (૩) | ૧૭ | મુદામાલ રીકવર કર્યાનું અસલ પંચનામુ |
| (૪) | ૧૮ | અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધીનું જાહેરનામુ |

(૪) આ કામે ફરીયાદપક્ષે ખુદ ફરીયાદીએ વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેવુ પુરસીસથી જાહેર કરેલ છે. તેમજ કેસના સંજોગો વિચારણામા લેતા પોલીસ રીપોર્ટમા દર્શાવેલ અન્ય સાક્ષી તપાસવાથી પણ કેસની હકીકત નિ:શકપણે પુરવાર થઇ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં, નામદાર સર્વોચ્ચ અદાલતના **<u>૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫, "સતીષ મહેરા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન"</u> તથા <u>(૨૦૦૮) ૯, એસ.સીસી., ૬૭૭, "નિખિલ મરચન્ટ વિ. સીબીઆઈ."</u> તથા <u>(૨૦૦૮) ૪, એસ.સીસી., ૫૮૨,"મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ"</u>** ના ચુકાદાઓમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઈ શક્યતા જણાતી ન હોય ત્યારે, અદાલતે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફ્યુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિધ્ધાંત ધ્યાને લઈ ફરીયાદપક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ છે.

(૪.૧) ફરીયાદપક્ષ દવારા પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન લેવા જેટલો પૂરાવો ન હોય, વિશેષ નિવેદન લીધેલ નથી.

(૫) ત્યારબાદ આરોપીઓ સામેના કેસ સંદર્ભે ફરીયાદપક્ષ તરફે વિ. એ. પી.પી.શ્રી એન. કે. ગઢવી તથા બચાવપક્ષ તરફે વિ. વ. શ્રી જે. એ. પાંડોરની દલીલો સાંભળી.

(૬) હાલના કેસમાં ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ, હકિકતો તથા બંને પક્ષકારો તરફથી રજુ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં કેસનો ન્યાયિક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –:: મુદ્દાઓ ::–

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૨/૦૮/૨૦૨૪ ના કલાક ૧૮/૦૦ વાગ્યાના સુમારે મોજે ખરોલ ગામે આ કામના ફરીયાદીનાઓનું તેમના ખેતરમાં મકાનનું કામ ચાલુ હોય, જેથી ત્યાં હાજર હોય તે વખતે આ કામના આરોપી નં.૧ નાઓ ફરીયાદીને કહેલ કે, તમો મારા ઘર તરફ બારીનું છજુ કેમ કાઢેલ છે તેમ કહી છજુ તોડતા હોય, જેથી ફરીયાદીનાઓ છજુ તોડતા અટકાવવા જતાં આરોપી નં.૧ નાઓ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને મા–બેન સામે ગાળો બોલી સાહેદ વિપુલને ગડદાપાટુનો માર મારી તથા આરોપી નં.ર તથા આરોપી નં.૩ નાઓએ પણ આરોપી નં.૧ નું ઉપરાણું લઈ સાહેદ વિપુલને મા–બેન સામે ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તથા આરોપી નં.ર નાઓએ હાથમાં દાતરડું લઈ આવી ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી મે.ડી.એમ. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫ (ર), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

## –:: નિર્ણયો ::–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

## –::નિર્ણયના કારણો::–

(૯) **મુદ્દા નં.૧ :–**

(૧૦) ઉપરોકત મુદાઓની સાબિતી માટે ફરીયાદપક્ષે રજુ પુરાવાની ચર્ચા અને મુલ્યાંકન નીચે મુજબ છે. આ કામના આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે. આમ, આ કામે આરોપીઓ સામે જયારે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫ (૨),૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનો આક્ષેપ છે, ત્યારે ફરીયાદપક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો રેકર્ડ પર શંકાથી પર સાબિત કરવાના રહે છે.

**SECTION-115(2)**

Whoever, except in the case provided for by sub-section (1) of section 122 voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a termwhich may extend to one year, or with fine which may extend to ten thousand rupees, or with both.

**SECTION-352**

Whoever intentionally insults in any manner, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other offence, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

**SECTION-351(3)**

Whoever commits the offence of criminal intimidation by threatening to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishablewith death or imprisonment for life, orwith imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both.

## SECTION-54

Whenever any person, who is absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

## જી.પી. એકટની કલમ–૧૩૫ : તત્વો

૧. બનાવના સ્થળ અને સમય અંગે ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭ મુજબ કાયદેસર રીતે હથીયાર બંધી અંગે હુકમ કરવામાં આવેલ અને તે હુકમ અસ્તિત્વમાં હતો,

૨. હથીયાર બંધી અંગેનો હુકમ જાહેરનામાં માટે ઠરાવેલ પધ્ધતીથી, યોગ્ય રીતે પ્રસિધ્ધ કરવમા આવેલ,

૩. આ કામના આરોપી સદરહું જાહેરનામાં માંથી પ્રતિબંધિત જગ્યામાં હથીયાર ધારણ કરી તે હુકમનું પાલન કરેલ નથી, અથવા તેનું પાલન ન કરવામા કોઈને મદદ કરેલ છે.

**(૧૧)** આ કામે સૌ પ્રથમ કેસનો નિર્ણય કરતા પહેલા ફરિયાદ પક્ષે પોતાના કેસનાં સમર્થનમાં તપાસેલ સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય, જેની ચર્ચા નીચે મુજબ ચર્ચા કરેલ છે.

**ફરીયાદીની જુબાની:–**

**(૧૧.૧)** ફરીયાદપક્ષે આંક–૧૩ થી ફરીયાદી વિજયકુમાર ચંદુભાઇ પટેલને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે બે વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે

તેઓને અને તેઓના ગામના બાબુભાઇ મોતીભાઇ પટેલ તથા દુર્ગાબેન કલ્પેશભાઇ પટેલનાઓ વચ્ચે સામાન્ય બાબતને લઇને એકબીજાને બોલવાનું થયેલું, તે બાબતે તેઓને મનદુ:ખ લાગતાં તેઓએ આરોપીઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ આપેલી. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવતાં તેઓ જોઇને જણાવે છે કે, ફરીયાદી તરીકે તેઓની સહી છે, તે જ છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. જે આ કામે આંક-૧૪ થી રજુ છે. જે સિવાય બીજું કંઇ બનેલ નહીં.

સદરહુ ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોઇ, વિ.એ.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. વધુમાં વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદરહુ ફરીયાદીની ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવતાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન કરી લીધેલ છે.

સદરહુ ફરીયાદીની આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કંઈ બનેલ નહીં. આરોપીઓએ તેઓને માર મારી, ઈજા કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આરોપીઓએ તેઓની સાથે ગાળા-ગાળી કરેલ હોય તેવુ બનેલ નથી. બોલાચાલી સમયે ત્યા બીજા ઘણાબધા માણસો ભેગા થઈ જતાં, ભાગ-દોડ થતા ધકકા મુકકીમાં પડી જતા તેઓને શરીરે પીઠના ભાગે તથા ખભાના ભાગે તથા હાથના ભાગે ઈજાઓ થયેલી. આરોપીઓના હાથમાં કોઈ હથિયાર જોયેલા નહી. ફરીયાદ કરવા ગયેલા તે વખતે ગામના આગેવાનો તેઓની જોડે આવેલ હતા. ફરીયાદ તેઓની જોડે આવેલ ગામ આગેવાનોએ લખાવેલી અને તેમાં તેઓને સહી કરવા કહેતાં તેઓએ ફકત સહી કરી આપેલી. ફરીયાદ તેઓએ વાંચેલી નહીં કે તેઓને કોઈએ વાંચી સંભળાવેલ હોય તેવુ બનેલ નથી.

<u>સાહેદની જુબાની:–</u>

(૧૧.૨) ફરીયાદપક્ષે આંક–૧૫ થી સાહેદ વિપુલકુમાર લક્ષ્મણભાઇ પટેલને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ <u>સરતપાસમાં</u> જણાવેલ છે કે, બનાવ આજથી આશરે બે વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે તેઓને તથા તેઓના મોટાભાઇ વિજયનગરનાઓ તેઓના ગામના બાબુભાઇ મોતીભાઇ પટેલ તથા દુર્ગાબેન કલ્પેશભાઇ પટેલનાઓ વચ્ચે સામાન્ય બાબતને લઇને એકબીજાને બોલવાનું થયેલું, તે બાબતે તેઓને મનદુ:ખ લાગતાં તેઓએ આરોપીઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ આપેલી. ત્યારબાદ પોલીસે તેઓની પુછપરછ કરી જવાબ લીધેલો કે કેમ તે તેઓને યાદ નથી. આ સિવાય બીજું કંઇ બનેલ નહીં.

<u>સદરહુ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોઇ, વિ.એ.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે.</u> વધુમાં વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદરહુ ફરીયાદીની ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવતાં સદરહુ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, <u>આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન કરી લીધેલ છે.</u>

સદરહુ ફરીયાદીની આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ <u>ઉલટ તપાસમાં</u> એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, <u>બનાવમાં સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કંઈ બનેલ નહીં. આરોપીઓએ તેઓને માર મારી, ઈજા કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આરોપીઓએ તેઓની સાથે ગાળા–ગાળી કરેલ હોય તેવુ બનેલ નથી.</u> બોલાચાલી સમયે ત્યા બીજા ઘણાબધા માણસો ભેગા થઈ જતાં, ભાગ–દોડ થતા ધકકા મુકકીમાં પડી જતા તેઓને શરીરે પીઠના ભાગે તથા ખભાના ભાગે તથા હાથના ભાગે ઈજાઓ થયેલી. આરોપીઓના હાથમાં કોઈ હથિયાર જોયેલા નહી.

(૧૨) આ કેસના ન્યાયિક નિર્ણય માટે જે મુદ્દાઓ ઘડવામાં આવ્યા છે તે તથા ઉપરોકત રજુ પુરાવાઓ જે હકીકતો સાથે સંકળાયેલા છે, તે હકીકતો સાબિત થઈ છે કે કેમ, તે અંગે પુરાવાનું વિશ્લેષણ અને

મૂલ્યાંકન શરૂ કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમના સિદ્ધાંતો અને કાયદાકીય જોગવાઈઓ નોંધવી આવશ્યક છે, જે નીચે મુજબ છે.

- **કઈ બાબતનો પુરાવો આપી શકાય**

કઈ બાબતનો પુરાવો આપી શકાય તે માટે સૌપ્રથમ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–5 જોવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

Evidence may be given of facts in Issue and relevant facts. Evidence may be given in any suit or proceeding of the existence or non-existence of every fact in issue and of such other facts as are hereinafter declared to be relevant, and of no others.

આ જોગવાઈ પ્રમાણે પુરાવો Fact In Issue માટેનો અથવા તો Relevant હકીકતો માટેનો જ આપી શકાય બીજી કોઈ બાબતનો પુરાવો આપી શકાય નહીં.

ભારતીય પુરાવા અધિનિયમ પ્રમાણે એક હકીકત, બીજી હકીકત સાથે Relevant ત્યારે કહી શકાય, જ્યારે **ભારતીય પુરાવા અધિનિયમની કલમ 5 થી 55 મુજબ** તેને સુસંગત ગણવામાં આવી હોય.

- **જજમેન્ટનો આધાર :**

વળી, કોઈપણ વિવાદનું જજમેન્ટ શાના આધારે આપવું જોઈએ, તે બાબતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–165 ના પ્રોવાઈઝોની જોગવાઈ ધ્યાન પર લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

"Provided that the judgment must be based upon facts declared by this Act to be relevant, and duly proved:"

આ જોગવાઈ પ્રમાણે જજમેન્ટ માત્ર Proved relevant facts પર જ આધારિત હોવું જોઈએ. તેથી હવે પછી હકીકતોનું મૂલ્યાંકન Fact In Issue અને Relevant Fact જે પુરવાર કરવામાં આવી છે તે માટે જ કરવામાં આવ્યું છે.

**(૧૩) રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન:-**

ઉપરોકત પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે સ્વતંત્ર સાહેદો ફરીયાદપક્ષના કેસને સર્મથન કરતા ન હોય તથા ફરીયાદપક્ષે ખુદ ફરીયાદીએ આંક-૧૯ થી કલોઝીંગ પુરસીસ આપેલ છે જેથી વધુ સાહેદ તપાસવાથી પણ કેસના ગુણદોષમાં કોઈ ફરક પડે તેમ ન હોય વધુ સાહેદ તપાસવામાં આવેલ નથી. જેથી આ કામના ફરીયાદીની કોર્ટ રૂબરૂની જુબાનીનું મુલ્યાંકન કરતા તેઓ બનાવને સમર્થનકારી કોઈ માહીતી ધરાવતા હોય તેવું જણાઈ આવતું નથી. ફરીયાદી તથા સાહેદ પોતે ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કંઈ બનેલ નહીં. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,આરોપીઓએ તેઓને માર મારી, ઈજા કરી , જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આરોપીઓએ તેઓની સાથે ગાળા-ગાળી કરેલ હોય તેવુ બનેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બોલાચાલી સમયે ત્યા બીજા ઘણાબધા માણસો ભેગા થઈ જતાં, ભાગ-દોડ થતા ધકકા મુકકીમાં પડી જતા તેઓને શરીરે પીઠના ભાગે તથા ખભાના ભાગે તથા હાથના ભાગે ઈજાઓ થયેલી. આરોપીઓના હાથમાં લોખંડનો સળીયો, લોખંડની ફેંટ કે અન્ય કોઈ હથિયાર જોયેલા નહી. ફરીયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ કરવા ગયેલા તે વખતે ગામના આગેવાનો તેઓની જોડે આવેલ હતા. ફરીયાદ તેઓની જોડે આવેલ ગામ આગેવાનોએ લખાવેલી અને તેમાં તેઓને સહી કરવા કહેતાં તેઓએ ફકત સહી કરી આપેલી. એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ તેઓએ વાંચેલી નહીં કે તેઓને કોઈએ વાંચી સંભળાવેલ હોય તેવુ બનેલ નથી તે મુજબની હકીકત કબુલ રાખેલ છે.

ઉપરોકત કબૂલાત જોતાં આ કામના આરોપીઓ સામે બી.એન.એસ. કલમ-૧૧૫(૨) મુજબનો ગુનો પુરવાર કરવા માટે આરોપીઓએ સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ હોય ત્યારે જ આરોપીઓને ગુનેગાર ઠેરવી શકાય. જ્યારે હાલના કેસમાં ફરીયાદી કે

જેઓ મુળ ઈજા પામનાર સાહેદ છે જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ ફરીયાદીને ઈજા પહોચાડેલ હોય તેવું બનેલ નથી કે ગાળો આપેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી માત્ર સામાન્ય બોલાચાલી થયેલી ત્યારે આરોપીએ તેમને કોઇ સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડેલ હોય તેવી કોઈ હકીકત પ્રસ્થાપિત થતી નથી. વધુમાં, આ કામે ફરીયાદપક્ષ તરફે સોંગદ ઉપર તપાસવામા આવેલ ફરીયાદી તથા સાહેદના પુરાવા થકી રેકર્ડ પર આવેલા પુરાવાથી આ કામના આરોપીઓએ કોઈ ગાળો આપેલ હોય કે અપશબ્દો ઉપચારેલ હોય તેવું બનેલ નથી. આ સંજોગોમાં બી.એન.એસ.ની કલમ-૩૫૨ મુજબના કોઇ તત્વો પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનું તહોમત છે જે અનુંસધાને રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરતા બી.એન.એસ.ની કલમ-૩૫૧(૩) વંચાણે લેવામા આવે તો તથા આ કામે ફરીયાદી તથા સાહેદની જુબાની ધ્યાને લેવામા આવે તો, ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. તેમજ તેવી ધમકીના કારણે ફરીયાદી કાર્યો કરવા માટે કાયદેસરના અધીકૃત ન હોય તેમજ તેવી ધમકીના કારણે ફરીયાદી કાર્યો કરવા માટે કાયદેસર અધિકૃત ન હોય તેવુ કૃત્ય બીકના કારણે કરવા ફરજ પડેલ હોય તેમજ જે કાર્ય કરવાનુ સદરહું ફરીયાદીની ફરજ હતી તેવુ કૃત્ય આરોપીઓની ધમકીની બીકના કારણે કરેલ ન હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

આમ, ઉપરોકત રજુ થયેલ તમામ પુરાવા તથા ફરીયાદી તથા સાહેદની જુબાની જોતા આરોપીઓને બી.એન.એસ. કલમ-૧૧૫ (૨) હેઠળ તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી કે, એવુ સાબીત થાય કે હાલના કામના આરોપીઓએ જ ફરીયાદમાં અને તહોમતનામામા જણાવ્યા મુજબનો ગુન્હો કરી ફરીયાદીને ઈજા પહોચાડેલ હોય.

વધુમા, ફરીયાદીની તથા સાહેદની જુબાની જોતા આરોપીઓને બી.એન.એસ. કલમ–૩૫૨,૩૫૧(૩) હેઠળ પણ તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. સદરહું ગુનો ક્યારે સાબિત ગણાય તે સંદર્ભે જુના કાયદાની કલમ અંતર્ગત નામદાર ગુજરાત વડી અદાલત દવારા **પ્રવિણભાઈ બેચરભાઈ વણકર અને બીજાઓ વિરુદ્ધ ગુજરાત રાજ્ય ૨૦૦૭(૧) જિ.એલ.એચ.૩૭૭** થી પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં કરેલ અવલોકન કરવામા આવેલ છે કે,

Indian Penal Code, 1860 Ss.504 and 506(2) Actual words used by accused not coming on record - Unless they come on record, it is not possible to hold that the offence is committed - The insult as - envisaged in S.504 must not only be intentional but also thereby must give provocation to person insulted to break public peace or to commit any other offence - The threat as contemplated in S.506 must cause alarm in the mind of person so threatened - No such evidence is there on record - Order of conviction set aside - Appeal allowed.

ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેતા, તેમા જણાવેલ કલમ અને હાલના નવા કાયદા અંતર્ગતની કલમ જોતા બંનેના તત્વો સરખા જ છે જેથી હાલના કામના આરોપીઓએ આચરેલ ગુન્હાની કલમ જોતા, બી.એન.એસ. કલમ–૩૫૨ મુજબના ગુન્હા માટે અસલ શબ્દો રેકર્ડ ઉપર આવવા જોઇએ, તેમજ આરોપી દ્બારા અપમાન માત્ર ઈરાદાપુર્વકનુ જ નહી, પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર સુલેહ શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઇએ તેવુ ઠરાવેલ છે. વધુમાં જોઇએ તો બી.એન.એસ. કલમ–૩૫૧(૩) મુજબના ગુના માટે જાનથી મારી નાખવાની ધમકી આપવી કે મહાવ્યથા પહોંચાડવી તે લગત છે. બનાવ બાદ પણ ફરિયાદી કે ઈજાપામનાર સાહેદોને આરોપીઓથી જીવનું જોખમ હોય

કે તેના લીધે તેઓ પોતાનું રોજિંદુ કાર્ય કરી શકે તેમ ન હોય, તેવા સંજોગો કે હકિકતો ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી ત્યારે આ કામના આરોપીને બી.એન.એસ. કલમ–૩૫૨,૩૫૧(૩) મુજબના ગુનામાં પણ તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી.

ઉપરોકત તમામ સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષ આરોપી સામેનો <u>બી.એન.એસ. કલમ–૩૫૨,૩૫૧(૩) મુજબનો ગુન્હો સાબિત કરવામાં સદતંર નિષ્ફળ</u> નિવડેલા છે.

(૧૩) આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં, ફરીયાદ મુજબનું કૃત્ય આરોપીઓએ આચરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તેમની જુબાનીમાં જણાવતા નથી. આમ, સમગ્ર રીતે જોતાં ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, જેથી ઉપરોકત કરેલ ચર્ચાઓ મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ પુરવાર કરી શકેલ ન હોય, **મુદ્દા નં.૧** નો જવાબ "**નકારમાં**" આપીને **મુદ્દા નં.૨** અંગે નીચે મુજબનો "**આખરી હુકમ**" ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી નં.(૧) બાબુભાઈ મોતીભાઈ પટેલ, ઉ.વ.આ.૭૧, આરોપી નં.(૨) દુર્ગાબેન કલ્પેશભાઈ પટેલ, ઉ.વ.આ.૩૫, ધંધો–ઘરકામ, બન્ને રહે–ખરોલ, તા.વિજય નગર, જિ.સાબરકાંઠાનાઓને ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના તહોમતમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીઓએ ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૮૧ અન્વયે અપીલ સમય સુધીના રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા)ના જામીન તથા જાતમુચરકા રજુ કરવા તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા વિકલ્પે જામીન તરીકે ચાલુ રહેવા અંગેની પુરસીસ રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) સદર કામે કબ્જે લેવામા આવેલ મુદામાલ અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજ તારીખ:૧૦, માહે:જુન, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૦/૦૬/૨૦૨૬
મુ. વિજયનગર

**(ભાવેશ ચંદુલાલ વાજા)**
જયુડી.મેજી. ફ.ક., વિજયનગર
(જજ કોડ નં.જીજે૦૧૭૪૧)

//A.A.P.//